વેકેશનને વ્યવસાયિક તાલીમ થકી અર્થપૂર્ણ બનાવતા વિદ્યાર્થીઓ

ચાઈલ્ડ લાઈનની ટીમે ગુમ બાળકનો માતા-પિતા સાથે મેળાપ કરાવ્યો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૬-૭ ખાતેથી ગઈકાલે એક બાળક પોલીસને બિનવારસી મળી આવ્યું હતું. પોલીસે સાબરમતિ સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડ લાઈન ૧૦૯૮નો સંપર્ક કર્યો હતો. તાત્કાલીક ચાઈલ્ડ લાઈનની હેલ્પ લાઈનની ગાડી આવી પહોંચી હતી. તેઓએ બાળકને ચા- નાસ્તો કરાવીને વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ નામ પુછતા બાળકે પોતાનું નામ વસૈયા વિપુલ માલાભાઈ હોવાનું જણાવ્યું હતું. જયારે ગુમ બાળકના માતા પિતા ત્રણ દિવસ પહેલા જ મજુરી અર્થે ગાંધીનગર આવ્યા હોવાથી શહેરથી અપરિચિત હતા. તેઓ પોતાનું બાળક ગુમ થઈ જતા હેરાન પરેશાન થઈ ગયા હતા. આસપાસના વિસ્તારોમાં શોધખોળ બાદ પણ બાળક ના મળી આવતા માતા ચોંધાર

આસુંએ રડી રહી હતી. તે દરમિયાન ગાંધીનગર ચાઈલ્ડ લાઈન ૧૦૯૮ ઈમરજન્સી સેવા અને પોલીસને સાથે રાખીને નગરમાં આવેલા વિવિધ શ્રમિક વિસ્તારો બાળકને બતાવવામાં આવી રહ્યા હતા જેથી બાળકને કંઈક યાદ આવી જાય તેમજ પોલીસ દ્વારા પણ વિસ્તારમાંથી કોઈ બાળક ગુમ થયું છે તેવી પુછપરછ ચાલી રહી હતી. ત્યારે આખરે પોલીસ અને ચાઈલ્ડલાઈન સેવાની મહેનત રંગ લાવી હતી ભારે જહેમત બાદ બાળકનો માતા-પિતા સાથે મેળાપ થયો હતો. પોતાનું બાળક પાછુ મળતા માતા અને કુટુંબીજનો ચોધાર આસુંએ રડી પડયા હતા. આ દ્રશ્ય જોઈ ત્યાં હાજર સૌની આંખ ભીની બની હતી.જયારે બાળકના માતા પિતાએ પોલીસ તેમજ ચાઈલ્ડ હેલ્પલાઈનનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. જયારે હાજર સૌએ ચાઈલ્ડ લાઈનની કામગીરીને બિરદાવી હતી.

@ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા શુકવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે રાજેન્દ્રભાઈ દલપતરામ મહેતાના નિવાસસ્થાન બ્લોક નં. ૫૦૭, સે-૩-સી ખાતે લઘુરૂદ્ર અભિષેક યોજાશે.

ગાંધીનગર જિલ્લા/ શહેર રાજપૂત સમાજ દ્વારા તેજસ્વી બાળકોનું સન્માન કરાશે

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ તથા શ્રી રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુકત ઉપકમે રાજપૂત સમાજના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તેમજ સ્નાતક તથા અનુસ્નાતક, એન્જીનીયરીંગ, મેડીકલ કક્ષાએ વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત મહાનુભાવોને સન્માનવાનો કાર્યક્રમ શ્રી રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨ ખાતે આગામી તા.૧૭-૭-૧૬ને રવિવારના રોજ બપોરે ૨ કલાકે યોજાશે. જે વિદ્યાર્થીઓને ચાલુ વર્ષ-૨૦૧૫-૧૬માં ધો-૧ થી ૮ માં ૮૦ટકા કેતેથી વધુ ગુણ જયારે ધો-૯ થી ૧૨માં ૭૫ ટકા કેતેથી વધુ ગુણ મેળવ્યા હોય તેમજ રમત-ગમત ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરી હોય તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ગુણપત્રકની પ્રમાણિત નકલ વાલીના મોબાઈલ નંબર તેમજ સરનામાં સાથે કાર્યાલય સમય દરમ્યાન તા.૧૦-૭-૧૬ સુધીમાં સવારે ૯ થી ૧૨ તેમજ સાંજે ૪ થી ૬ દરમ્યાન મંત્રીને પહોંચાડવા જણાવાયું છે.

સે-૧માં ગાયત્રી શકિતપીઠનો દ્વિશતાબ્દિ પાટોત્સવ યોજાશે

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી શકિતપીઠનો દ્વિશતાબ્દિ પાટોત્સવ ઉજવવાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. આ પાટોત્સવની ઉજવણી નિમિત્તે ત્રિ દિવસીય ધાર્મિક કાર્યક્રમો ગાયત્રી શકિતપીઠ, સે-૧ ખાતે યોજાશે. જેમાં તા. ૯મી જૂનને ગુરૂવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન દેવ પ્રતિમાઓનુંવિશિષ્ટ પૂજન, સાંજે ૮.૦૦ થી ૯.૩૦ કલાક દરમિયાન સ્વાધ્યાય તથા દીપયજ્ઞનુંઆયોજન કરાયુંછે. તા. ૧૦મી જૂનના રોજ સવારે ૭.૩૦ કલાકે મૌન જાપ, સાંજે ૮.૦૦ કલાકેગીત સંધ્યા, સાંજે૯.૦૦ કલાકેગુરૂવરનુંજીવનદર્શન તથા ૧૦.૦૦ કલાકે ડૉ. પ્રણવ પંડયાનું પ્રવચન (કેસેટ)નુંઆયોજન કરવામાં આવ્યુંછે. આ ઉપરાંત તા. ૧૧મી જૂનના રોજ સવારના ૮.૦૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન સન્માન સમારોહ યોજાશે. જેમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં પ્રથમ અનેબીજોક્રમ મેળવનારનેઈનામ આપી નવાજવામાં આવશે. તેમજ આચાર્ય, શિક્ષક અને દાતાઓનું સન્માન કરાશે તથા વિશિષ્ટ કામગીરી કરનાર પરિજનોને પ્રોત્સાહન પુરું પાડવામાં આવશે. અંતે મહાઆરતીનું પણ આયોજન કરાયું છે. આ પ્રસંગે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા ભાવિક ભકતોને જણાવાયું છે.

વેકેશનને વ્યવસાયિક તાલીમ થકી અર્થપૂર્ણ બનાવતા વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા રાજયકક્ષાએ જ નહી પરંતુ રાષ્ટ્રીય સ્તરે મેનેજમેન્ટ તેમજ એડમિનીસ્ટ્રેશનના અભ્યાસ ક્ષેત્રે વિદ્યાર્થીઓને વ્યવસાયિક તાલીમ આપી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓને યોગ્ય દિશા નિર્દેશ મળી રહે તેમજ તેમનામાં યોગ્ય વ્યવસાયલક્ષી આવડત ઉભી થાય તેવા અભ્યાસક્રમની શોધ જરૂરી બની છે ત્યારે શહેરની બીબીએ કોલેજનું ઉમદા કાર્ય દીવા દાંડી સમાન બની રહેશે. કોલેજમાં અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થીઓના કૌશલ્ય થકી આજે તેઓને શરૂઆતથી જ સારા પગાર સાથે ત્વરિત નોકરી મેળવી શકવા સમર્થ બન્યા છે.

હાલમાં રાજયની યુનિવર્સિટીઓ તેમજ કોલેજોમાં વિદ્યાર્થીઓને વેકેશનનો સમય ચાલી રહ્યો છે ત્યારે આ એક માત્ર કોલેજના વિદ્યાર્થીઓ છે કે જેના વિદ્યાર્થીઓ દેશની અનેક નામાંકિત કંપનીઓમાં ઈન્ટેનશીપ કરી રહ્યા છે. અને મેનેજમેન્ટ ક્ષેત્રે પણ પ્રાયોગિક તાલીમ મેળવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ફિલ્ડ વર્ક બાબતે ઉપયોગી સૂચનો કરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થાય. તાલીમ

મેળવતા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે વેકેશન દરમિયાન મેળવેલ આ તાલીમ ફકત સમયનો સદુપયોગ નથી પરંતુ તેઓને કારકિર્દી માટે જાગૃત બનાવી યોગ્ય વ્યવસાય કે નોકરીની પસંદગી માટે ઉપયોગી સાબિત થશે. સમગ્ર ટ્રેનિંગ પ્લેસમેન્ટ અને ઈન્ટેનશીપ સેલ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ અને પ્લેસમેન્ટ તેમજ ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્નાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓના યોગ્ય પ્લેસમેન્ટ માટે કાર્યકરી ઈન્ટેનશીપ ડ્રાઈવને સફળ બનાવી હતી.

વાતવાતમાં

● શહેરમાં મુખ્ય માર્ગોની બંને તરફ વન વિભાગ દ્વારા જે ફેન્સીંગ કરી વૃક્ષોને સલામતી પુરી પાડવામાં આવી છે તે ફેન્સીંગ અનેક ઠેકાણે રખડતી નીલગાય કે અન્ય પ્રાણીઓ ઉપરાંત વિવિધ કારણોસર તુટી જવા પામી છે. વન વિભાગ દ્વારા આવી તુટેલી ફેન્સીંગનું નવિનીકરણ કરાઈ રહ્યું છે.

● વાવોલમાં રામજી મંદિર સંકુલના પહેલા માળે આવેલ બીએસએનએલના કાર્યાલયને ડુપ્લીકેટ ચાવીથી ખોલી કોઈ રૂપિયા ૭ હજારની કિંમતનો કેબલ ચોરી ગયું છે. પોલીસે આ ઘટના અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

● શહેરના રસ્તાઓ પર એલઈડીનો પ્રકાશ ઝળહળી રહ્યો છે પરંતુ આ એલઈડી લાઈટસમાં ખામી સર્જાવાની ઘટના વધુ બની રહી છે. લગભગ દરરોજ આ એલઈડી લાઈટસના કોન્ટ્રાકટર કોઈને કોઈ ઠેકાણે તેનું સમારકામ કરતા અથવા બદલતા જોવા મળી રહ્યા છે.

● શહેરના દરેક સર્કલો પર સીસીટીવી કેમેરા સાથે સ્પીકર્સ પણ લગાડાયેલા જોવા મળી રહ્યા છે. સ્માર્ટ સીટી અંતર્ગત લગાવાયેલા આ કેમેરા સાથેના સ્પીકર્સ કોઈ અગત્યના અનાઉસમેન્ટ કરવા કે પછી કોઈ અન્ય કામ માટે વપરાશે તે બાબતે નગરજનોમાં ભારે ઉત્સુકતા સાથે ચર્ચાઓ ચાલી રહી છે.

ગાંધીનગરના ચૌધરી સમાજના વિદ્યાર્થીઓ માટે રાહત દરે ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા.૨

શ્રી આંજણા ચૌધરી સેવા મંડળ, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સારી ગુણવત્તાવાળા ચોપડાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

ચૌધરી સમાજના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ ચૌધરી જણાવ્યું છે કે, રાહત દરે આ ચોપડા એક ડઝનના રૂ.૧૮૦ના ભાવે વહેલા તે પહેલાના ધોરણે સ્ટોક હશે ત્યાં સુધી આપવામાં આવશે. આગામી તા. ૧૦-૬-૨૦૧૬ સુધીમાં ચૌધરી સમાજના વિદ્યાર્થીઓ-વાલીઓએ સાંજના ૫.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન બ્લોક નં. ૧/૪, છ ટાઈપ, સે-૧૭, ગાંધીનગર ખાતેથી મેળવી લેવા જણાવવામાં આવ્યું છે.

અડાલજ નજીક રેલવે ટ્રેક પરથી આધેડની લાશ મળી

ટ્રેન સામે પડતું મુકી ડુંગરપુરના આધેડે આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨

અડલાજ ત્રિમંદિર નજીક અંબા ટાઉનશીપ પાસેથી પસાર થતી રેલવે ટ્રેક પરથી કપાઈ ગયેલી હાલતમાં આજે સવારના અરસામાં એક આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ માટે મોકલી તપાસ કરતા ડુંગરપુરના આધેડનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. તેણે ટ્રેન સામે પડતું મુકી આપઘાત કર્યો હોવાની શંકાને આધારે તપાસ ચાલી રહી છે.

અડાલજ પોલીસને સવારે દશેક વાગ્યાના અરસામાં કોલ મળ્યો હતો કે ત્રીમંદિર નજીક સ્થિત અંબા ટાઉનશીપ પાસેથી પસાર થઈ રહેલી રેલવે ટ્રેક પર એક અજાણ્યા વ્યકિતનો કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ પડયો છે. તેને આધારે જમાદાર ગીરીશભાઈ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને તે ડુંગરપુર વિસ્તારનો ૪૫ વર્ષીય રમેશ ઉર્ફે પુંજાલાલ પ્રેમચંદ ભગોરા હોવાનું જાણવા મળ્યું હતું. આ વ્યકિતના પરિવારજનોને બોલાવી પોલીસે નિવેદનો લેવાની પ્રક્રિયા શરૂ કરી છે તો બીજી તરફ મૃતદેહ પી.એમ. કરાવી પરિવારજનોને સોંપ્યો છે. રમેશે ટ્રેન સામે પડતું મુકીને આપઘાત કર્યો હોવાની શંકા છે. તેને આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

અંબાપુર કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીક આવેલા અંબાપુર ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને જાણ થતા મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. આશરે ૪૦ વર્ષીય યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઓળખ તથા મૃત્યુનું કારણ બહાર લાવવા અડાલજ પોલીસ મથકના જમાદાર મુળજીભાઈએ વધુ તપાસ શરુ કરી છે.

વિશ્વ પર્યાવરણ દિને લોહાણા મહાપરિષદનો પરિસંવાદ

ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના હોલમાં પરિસંવાદ યોજાશે અમદાવાદના મેયર ગૌતમ શાહ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨

પર્યાવરણની જાળવણી કરવાની જવાબદારી માત્ર સરકારી તંત્ર કે ઔદ્યોગિક એકમો અથવા સ્વૈચ્છિક સંસ્થાઓની જ નથી પરંતુ સમાજના દરેક વર્ગની વ્યકિતગત પણ છે. આ પ્રકારના ઉમદા સંદેશને ચરિતાર્થ કરતા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આગામી તા. ૫મી જુન રવિવારે 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અમદાવાદના આશ્રમ રોડ પર ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ હોલ ખાતે સવારે ૧૦ કલાકે યોજાશે. જેમાં મુખ્ય વકતા તરીકે ગુજરાત વન વિભાગના પૂર્વ અગ્ર મુખ્ય વન સંરક્ષક ભરતભાઈ પાઠક તથા મદદનીશ વન સંરક્ષક ભગવાનદાસભાઈ બંધુ ઉપસ્થિત રહેશે.

શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ તથા કેળવણી સમિતિના સંયુકત ઉપકમે આયોજિત વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૧૬ની ઉજવણી નિમિત્તે આયોજિત પરિસંવાદમાં અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ, લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ ઉમંગભાઈ ઠકકર, ગવર્નર યોગેશભાઈ લાખાણા, વાઈસ ગવર્નર પરેશભાઈ ભુપતાણીયા, મહિલા સમિતિના અધ્યક્ષ ડૉ. જામાબેન આચાર્ય તથા જીસીસીઆઈના સેક્રેટરી ભાર્ગવભાઈ ઠકકર સહિત તમામ પદાધિકારીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. પરિસંવાદમાં ભરતભાઈ પાઠક 'પર્યાવરણ સંરક્ષણમાં નાગરિક અને સમુદાયોની કામગીરી' વિષયે તથા ભગવાનદાસભાઈ બંધુ 'વન અને જીવનનું સંકલન' વિષયે સંબોધન કરશે. આ પરિસંવાદ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિ દ્વારા આયોજિત નેશનલ પેઈન્ટિંગ અને સ્લોગન કોમ્પિટીશનના વિજેતાઓ પણ જાહેર કરવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ લેવા તમામ પર્યાવરણ પ્રેમીઓને પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ કિરીટ ભીમાણી, કેળવણી સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેશ મુલાણી તથા સ્થાયી સમિતિના અધ્યક્ષ ભરત કોટક દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમના અંતે તમામ પર્યાવરણ પ્રેમીઓને છોડનો એક રોપો વૃક્ષારોપણ માટે અર્પણ કરવામાં આવનાર છે.

વૃક્ષારોપણ કરી જન્મદિવસ ઉજવ્યો

'ઝાડ ઉપર ફુલ થઈ ફૂટું ને
પંખી થઈ બાંધુ હું માળો,
ખિસકોલી થઈને હું દોડયા કરું છું,
ભલે ઉનાળો હોય કે શિયાળો.'

સુપ્રસિધ્ધ કવિ સુરેશ દલાલની આ પંકિતઓ વૃક્ષોની મહત્તા સુપેરે સમજાવે છે. ગ્લોબલ વોર્મીંગના જમાનામાં વધી રહેલી વૃક્ષ છેદનની પ્રક્રિયા વિશ્વને ભયાનક વિનાશ તરફ ધકેલી રહી છે ત્યારે વધુને વધુ વૃક્ષનું વાવેતર કરવું એ જ એક માત્ર ઉપાય દેખાઈ રહ્યો છે. પર્યાવરણના કથળતા સ્વાસ્થ્યને સમયસર બચાવી લેવા દરેક નાગરિકે વૃક્ષો વાવીને તેને જતનથી ઉછેરવા બાબતે ગંભીર બનવાની તાકીદે જરૂર છે. ગાંધીનગરના એક યુવા સેવાભાવી સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણાએ પોતાના જન્મદિનની ઉજવણી વૃક્ષારોપણ દ્વારા કરીને અન્ય યુવાનો તથા સમાજને એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે. તેમના આ કાર્યમાં વિદ્યા લાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલા, કોર્પોરેટર રમીલાબેન વાઘેલા સહિત યુવા મિત્રો પૃથક ઠકકર, પ્રણવ મોદી, દર્શન પટેલ, રવિકાન્ત શર્મા તથા હર્ષ ચૌહાણે સાથ આપ્યો હતો. વૃક્ષારોપણ બાદ તમામ યુવાનોએ ઉપસ્થિત નગરજનોને વૃક્ષારોપણ કરવા તથા વૃક્ષોનું જતન કરવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે વિજયસિંહે સૌને વૃક્ષોના યોગદાન અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું.

શહેરના ડાયમંડ ગ્રુપ દ્વારા મીસ ગુજરાત-૨૦૧૬ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર ખાતે પ્રથમ ઓડીશન યોજાયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના ડાયમંડ ગ્રુપ દ્વારા મીસ ગુજરાત-૨૦૧૬ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનું પ્રથમ ઓડીશન શ્રેયા ફાર્મ અડાલજ ખાતે આજરોજ યોજાયું હતું. જેમાં વિવિધ કેટેગરીમાં ૫૦ થી વધુ યુવતિઓએ ભાગ લીધો હતો. જયારે ડાન્સ અને સિંગીગ સ્પર્ધામાં પણ નાના ભુલકાઓ ઉત્સાહભેર જોડાયા હતા. શ્રેયા ફાર્મ ખાતે તા.૪ જુનના રોજ સાંજે ગાંધીનગર ઓડીશનમાં પસંદગી પામેલ યુવતિઓ વચ્ચે ફાઈનલ યોજાશે. પ્રથમ, દ્વિતિય અને તૃતિયક્રમે આવનાર યુવિતઓ મીસ ગુજરાત સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલે માટે પસંદગી પામશે.

ગાંધીનગરના ડાયમંડ ગ્રુપના સંચાલક જીગર ત્રિવેદી દ્વારા મીસ ગુજરાત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આગામી સમયમાં અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, મહેસાણામાં ઓડીશન યોજાશે. જયારે આજરોજ ગાંધીનગર ખાતે આયોજીત ઓડીશનમાં અંદાજે ૫૦ થી વધુ યુવતિઓ ભાગ લીધો હતો. જયારે ફેશન શો, ડાન્સ, અને સિંગીગમાં નાના બાળકોએ ઉત્સાહભેર જોડાયા હતા.સોલો ડાન્સ તેમજ સિંગીગ દ્વારા બાળકોએ જજને પણ અંચબિત કરી દીધા હતા.ઓડીશનમાં ફેશન શો માં ૧૩ વર્ષથી નીચેની ઉંમરમાં ૧૦, અને ૧૮ વર્ષથી વધુ વયમાં ૨૦ પસંદગી પામ્યા છે. જયારે પસંદગી પામેલાની ફાઈનલ તા.૪ જુનના રોજ શ્રેયા ફાર્મ ખાતે સાંજે ૭ કલાકે યોજાશે. જેમાં મોટી સંખ્યામાં લોકો

હાજર રહેશે. આ સ્પર્ધામાં જજ તરીકે ગુજરાતી ફિલ્મ અભિનેત્રી મમતા સોની, ડાન્સ ઈન્ડીયા ડાન્સ ફેઈમ કમલેશ પટેલ અને જીગર ત્રિવેદી સેવા આપશે. આ પ્રસંગે ૨૬ થી વધુ કૃતિઓ રજુ થશે. આ ફાઈનલમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય કમ મેળવનાર મીસ ગુજરાતની ફાઈનલ સ્પર્ધામાં જશે.આગામી બે થી ત્રણ માસમાં મીસ ગુજરાત સ્પર્ધાની ફાઈનલ યોજાશે જેમાં દરેક શહેરમાંથી ૩ સ્પર્ધક એટલે કે ૧૮ સ્પર્ધક યુવતિઓ વચ્ચે ખરાખરીનો જંગ જામશે. વિજેતા સ્પર્ધકને ઈનામોની વણઝાર મળશે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના ઓડીશનમાં નિફટની તેમજ કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પણ પસંદગી પામી છે.

કોલવડામાં બુટલેગરના મકાનમાં પોલીસનો દરોડો

રૂ. ૨૮,૮૦૦નો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૨

પેથાપુર પી.એસ.આઈ. ડી.બી. વાળા તથા તેમની ટીમે ગઈ મોડી સાંજે કોલવડા ગામમાં રહેતા બુટલેગર પુનમ વરવા રાવળના ઘરે દરોડો પાડયો હતો. દરોડો પાડયો ત્યારે બુટલેગર હાજર ન હતો. પોલીસે તપાસ કરતાં ૪૮ નંગ જીનની બોટલ અને ૧૪૪ નંગ બિયરનો ટીનનો જથ્થો મળી કુલ રૂ.૨૮,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરીને બુટલેગરની ધરપકડ માટે ચકો ગતિમાન કર્યા છે.

ચિરવિદાય

- સ્વ. માધાભાઈ સોમાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૫
- સ્વ. અંબાલાલ સોમનાથ પટેલ, ઉ.વ. ૭૨
- સ્વ. પોપટજી લાલાજી સોલંકી, ઉ.વ. ૪૦
- સ્વ. લાલાજી બાપુજી ઠાકોર, ઉ.વ. ૩૨
- સ્વ. પદમાબેન બકુલભાઈ જાદવ, ઉ.વ. ૨૫